જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૧૪ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૩૧૨૫/૧૪

ત્રણ મોટર સાયકલ ચોરનાર આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી દિન પ્રતિદીન વધતા જતા વાહનચોરીના બનાવો શોધી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા તથા સ્કોડના માણસોએ મળેલ બાતમી હકીકત આધારે જમાલપુર ચાર રસ્તા ફાયરબ્રીગેડ પાસે કાળા કલરનુ એકટીવા નાં GJ-1-MD-7616 કિ.રુા.૩૫,૦૦૦/- ના મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડેલ છે.

આ કામે આરોપીની પુછપરછ દરમ્યાન બજાજ ડીસ્કવર તથા પ્લસર મોટર સાયકલ આજથી એકાદ માસ પહેલા નવરંગપુરા ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પાછળના ભાગે આવેલ રીવરફ્રન્ટ ના પાર્કિંગમાથી ચોરી કરેલ અને પાચેક દીવસ ગાડી ફેરવેલ અને બન્ને મોટર સાયકલો રાયખડ દરવાજા નદીના રીવરફ્રન્ટ થી સરદારબ્રીજ વચ્ચે આવેલ રીવરફ્રન્ટના નાળામા મુકી દીધેલ.બનાવના પાંચેક દીવસ પછી પોતાના બે મિત્રો સાથે બન્ને મોટર સાયકલો ઉપર પેટ્રોલ છાંટી સળગાવી નાખેલી અને સળગેલી ડીસ્કવર નાળામા જ રહેવા દીધેલ હોવાનુ જણાવેલ.અને તેમજ એકાદ માસ પહેલા રેલ્વે સ્ટેશન સામે સમરાઇઝ હોટલ સામે અભિષેક માર્કેટ આગળથી એક કાળા કલરની એકટીવા ડુપ્લીકેટ ચાવીથી ખોલી તેની ચોરી કરી પોતે ફેરવતો હોવાનુ જણાવેલ છે.અને આમ આરોપી પાસેથી બે સળગેલી મોટર સાયકલો તથા એકટીવા કબ્જે કરવમા આવેલ છે.આગળની તપાસ નવરંગપુરા તથા કાલુપુર પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામા આવેલ છે.

વટવા પો.સ્ટે.

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૨૭૧/૧૪ ઈપીકો કલમ ૩૦૭ જીપીએક્ટ ૧૩૫(૧) મુજબ ના કામના આરોપી વિરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર ઉવ-૨૬ રહે- એસ/303 આકૃતી ટાઉનશીપ નારોલ વટવા અ’વાદ ના ને તા.૨૬/૧૨/૧૪ ના ક.૨૦/૪૫ વાગ્યે સીની. પો.ઇન્સ.શ્રી એચ.જે.ચૌધરી નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.